Jigar Publications
VADODARA REGION CHEMICAL COMPANY DIRECTORY 2025
We are preparing Nandesari Industries Association directory Include Nandesari, Padra, Karakhadi - Dudhwada, Savli & Manjusar Chemical Estate.
Contact For Advertisement
Mob: +91 99989 80519
nandesaridirectory@gmail.com



# બર્ડ વ્યૂ ઓફ ઈન્ડસ્ટ્રીઝ
# BIRD VIEW OF INDUSTRIES

તંત્રી : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ
EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL
(ગુજરાતી પાક્ષિક વર્તમાનપત્ર)
(Gujarati Fortnightly Newspaper)

VOLUME : 17 ISSUE : 14 DATE: 16- 10 -2025 (વિક્રમ સંવત ૨૦૮૧ આસો વદ દશમ ) PAGES : 4 Retail Price Rs: 3/- RNI NO: GUJGUJ/2009/28249
OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR-2, DIST: BHARUCH (9998980519)
www.birdviewofindustries.com Email: birdviewofindustries@gmail.com Post Reg. No: G2/RNP/BCH/126/2024-2026


# દહેજ ખાતે હિન્ડાલ્કો ઈન્ડસ્ટ્રીઝ રૂપિયા ૧૨ હજાર કરોડના ખર્ચે વિસ્તરણ કરશે








દહેજ PCPIR માં લખી ગામ ખાતે આવેલ ખાતે આવેલ હિન્ડાલ્કો ઈન્ડસ્ટ્રીઝ લીમીટેડના બિરલા કોપર યુનિટનારૂપિયા ૧૨ હજાર કરોડના ખર્ચે થનાર વિસ્તરણ પ્રોજેક્ટની લોક પર્યાવરણ સુનાવણી તારીખ ૧૪ મી સેપ્ટેમ્બરે યોજાઈ હતી. આ લોક પર્યાવરણ સુનાવણી સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ એન.એમ.મનાનીની અધ્યક્ષતામાં યોજાઈ હતી. જેનું સંચાલન ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના પ્રાદેશિક અધિકારી કે. એન.વાઘમશીએ કર્યુ હતુ.

કંપની દ્વારા કોપર સ્મેલ્ટરના વિતરણ અંતર્ગત કોપર એનોડનું ઉત્પાદન વધારીને ૮.૯૩ લાખ ટન વાર્ષિક, સેલ્ફ્યુરીક એસિડ ૨૬ લાખ ટન, સોનુ ૫૩ ટન વાર્ષિક અને ચાંદી ૪૫૦ ટન જેટલુ કરશે અને આ સાથે વૈશ્વિક સ્તરે એક નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરશે. બિરલા કોપરના વિસ્તૃતિકરણ વર્તમાન ૩૪૦ હેઠકર જમીનમાં જ કરવામાં આવશે. પર્યાવરણ સુરક્ષા માટે રૂા.૨૫૦૦ કરોડના ખર્ચ કરશે એવી માહિતી પર્યાવરણ સુનાવણીમાં કંપની દ્વારા આપવામાં આવી હતી. આ વિસ્તરણ પ્રોજેક્ટ થકી નવી ૨૦૦૦ રોજગારી ની તકો ઉપલબ્ધ થશે અને આનુષંગિક વ્યવસાયો માટે પણ તકો ઉપલબ્ધ થશે. કંપનીમાં કુલ જગ્યામાં ૩૫ ટકા જેટલો ગ્રીન બેલ્ટ વિકસાવ્યો છે તેમાં જ નવા ૮૫ હજાર વૃક્ષો વાવવામાં આવશે. આ લોક સુનાવણીમાં કુલ ૩૯ જેટલી રજુઆતો અને સુચનો લોકો દ્વારા કરાયા હતા. જેમાં મહદ અંશે કંપનીના વિસ્તૃતિકરણની યોજનાની સમર્થન આપ્યુ હતુ. બિરલા કોપર દ્વારા નિયમિત યોજાતા કાર્યક્રમો અને પ્રવૃત્તિઓને બિરદાવી હતી. વિકાસની સાથે વધતી સમસ્યાઓને ધ્યાનમાં રાખી બિરલા જુથ દ્વારા આરોગ્ય ક્ષેત્રે હોસ્પિટલ બનાવે અને સંચાલન કરે તેવી રજુઆતે કરાઈ હતી.


M :- 098252 75080, 094277 06485
A-ONE CONSULTANTS
EXPLOSIVE CONSULTANTS & SOLVENT CONSULTANTS
Email :- aoneconsultant@yahoo.com Web: www.aoneconsultants.com
Contact For Following Licenses
(1) Methanol Consultant
(2) Ethanol Consultant
(3) Poison Licence
(4) Sulphur Licence
(5) Chlorate Licence
(6) Explosive Licence
(7) PESO Licence
(8) Solvent Consultant
(9) MSME Registration
(10) IEM from Delhi
(11) APP Certificate From Gandhinagar (Annual Production Program from I.C. Office Gandhinagar for Ethanol)
Fire Crackers Manufacturing, Store and Sale with Godawon Approved
We Provide Professional Services to aquiring PESO / Explosive Licence/ MA-1 & MA-2 Licence /Poison Licence/APP From Gandhinagar/ Methanol & Ethanol Licence / Sulphur Licence From Concern Dept.
-: Branch office :-
145, DREAMZ, A Buisness Park, At & Post. Vaillage Amadara, Dahej Bharuch High way, Bharuch (DIST-BHARUCH)
-: Registered office & Administration office :-
ADD.: 220, Panchratna Bldg, Char Rasta, G.I.D.C. VAPI - 396 195 (DIST-VALSAD)
Email: aoneconsultant@yahoo.com. Web: www.aoneconsultants.com. (M) 9825275080, 9427706485


# દીપક ગ્રુપે સાવલી ખાતે નવું આર એન્ડ ડી સેન્ટર શરૂ કર્યું

ગુજરાત સ્થિત કેમિકલ ઈન્ટરમીડિએટ ઉત્પાદક કંપની દીપક નાઈટ્રાઈટ લિમિટેડ (Deepak Nitrite Ltd.) એ વડોદરા જિલ્લાના સાવલી ખાતે ૫ એકર વિસ્તારમાં સ્થિત પોતાના નવા ઈનોવેશન સેન્ટર — ‘દીપક રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટર (DRDC) – વર્ઝન ૨.૦’ — નો શુભારંભ કર્યો છે.

આ નવું સેન્ટર દીપક ગ્રુપની આર એન્ડ ડી પ્રવૃત્તિઓ અને ઈનોવેશન પ્રોસેસને વધુ ગતિ આપશે, તેમજ નવા પ્રોડક્ટ્સ અને ટેકનોલોજી ડેવલપમેન્ટ માટે મજબૂત આધાર પૂરું પાડશે. કંપનીના જણાવ્યા મુજબ, “અગાઉની સુવિધા દ્વારા હાંસલ થયેલા પેટન્ટેડ સિદ્ધિઓના આધારે આ નવું જનરેશન હબ કંપનીના મુખ્ય કાર્ય વધુ ઝડપથી આગળ ધપાવશે.” સુવિધામાં અદ્યતન લેબોરેટરીઝ, વ્યાપક એનાલિટિકલ સુવિધાઓ, AI આધારિત રિસર્ચ ટૂલ્સ, એન્જિનિયરિંગ યુનિટ, પાઈલટ પ્લાન્ટ સુવિધાઓ, અને પોલિમર યુનિટનો સમાવેશ થાય છે. વધુ પ્રમાણમાં અને ઝડપી ઈનોવેશન સાયકલને સપોર્ટ કરવા માટે આ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવામાં આવ્યું છે. સાથે જ વિવિધ પ્રકારના કેમિકલ્સના સલામત હેન્ડલિંગ માટે પ્રેશર રીએક્ટર માટે સમર્પિત યુનિટની પણ સ્થાપના કરવામાં આવી છે. DRDC તેના મોટાભાગના ઓપરેશન્સ સોલાર એનર્જી થી ચલાવશે.

વિકાસ અંગે ટિપ્પણી કરતા દીપક નાઈટ્રાઈટ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર દીપક મહેતાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે “રિસર્ચ અને ટેકનોલોજી સેન્ટર ઈનોવેશન અને નોલેજ ક્રિએશન માટેનું ઈક્યુબેશન હબ છે. આ અમારી કોર કેમિસ્ટ્રીમાં સતત રોકાણ અને સસ્ટેનેબલ પ્રોસેસ તથા નવા પ્રોડક્ટ્સના વિકાસ માટેની પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે.”

તે જ રીતે દીપક નાઈટ્રાઈટના CEO મૌલિક મહેતાએ જણાવ્યું હતું કે “નવું સેન્ટર માત્ર લેબોરેટરી નથી – તે ડેવલપમેન્ટ અને ઈનોવેશન માટેનું આમંત્રણ છે. આ સેન્ટરનું ઉદ્ઘાટન એ વાતનો પુરાવો છે કે અમે માત્ર કેમિકલ મેન્યુફેક્ચરિંગ કંપની નથી, પરંતુ એક એવી કંપની છીએ જે કેમિસ્ટ્રીમાં રોકાણ કરે છે અને મૂલ્યવર્ધિત કેમિકલ્સનું ઉત્પાદન કરે છે. DRDC 2.0 હવે કાર્યરત છે.” આ નવા પ્લાન્ટથી દીપક ગ્રુપની ટેકનોલોજીકલ ક્ષમતાઓ અને ઈનોવેશન ઈકો સિસ્ટમ વધુ મજબૂત થવાની અપેક્ષા છે. જે ભારતની કેમિકલ ઈન્ડસ્ટ્રીમાં નવી ઊંચાઈઓ સર કરશે.


ASP CHEM EQUIPMENTS PVT. LTD.
LEADING ENGINEERS & MANUFACTURERS OF CHEMICAL AND PHARMACEUTICAL PROCESS EQUIPMENTS & PLANTS
"ONE STOP SOLUTION FOR ALL PROCESS VESSELS"
We provide PV-ELITE Design
Equipments manufactured as per code: ASME, TEMA, API-650.
aspchem.com
STORAGE VESSELS & TANKS
GMP REACTOR
AGITATED NUTCHE FILTER DRYER
HEAT EXCHANGER
VACUUM TRAPS
REACTOR 24KL
Works:Plot No:E 7/8,Saniya Industrial Estate, Vasai-Bhivandi Road, Vasai (East), Thane-401208
Mob:9769435566/9920035566/9890234916
Email:aspchem01@gmail.com//info@aspchem.com
Website:www.aspchem.com



Ganpatbhai +91 98258 21461
chiragsteel.ankleshwar@gmail.com
CHIRAG STEEL
M.S. PLATE, PROFILE CUTTING & S.S. TO M.S. STEEL TRADING
Plot No: 270, Shreeji Ice Factory, Near G. Dalabhai, GIDC, Ankleshwar - 393 002, Dist: Bharuch (Gujarat) INDIA



OMKAR COMPOSITES PVT. LTD.
MANUFACTURER OF INDUSTRIAL CHEMICAL PROCESS & POLLUTION CONTROL EQUIPMENTS
IN FRP, PP+FRP, PVDF+FRP, PP-H+FRP, PVC+FRP, PP-RC, C-PVC, HDPE MATERIALS
Mfg. Unit: Plot No.: 104-19, 20,33,34, GIDC, Palej-392 220, Dist: Bharuch (Gujarat),
E-mail: omkarcomposites@gmail.com | info@omkarplast.com | Web: www.omplast.com | www.omkartank.com,
Contact us: Bharat R. Rajpurohit (M) +91 90337 37838 | Ramesh D. Rajpurohit (M) +91 982411 0687



SHIVAM INDUSTRY
Manufacturing - Repairing - Service
Rajesh Jayswal +91 982 515 2797
Our Product :
- Graphite Heat Exchanger
- Graphite Condenser
- Graphite Reboiler
- Graphite Falling Film Absorber
- Graphite Ejector
- Graphite Evaporator
Email : info@graphite.com
www.graphitehe.com
7- Sarvoday Estate, Opp. Ankhol Bus Stop Nr. Waghodia Cross Road Vadodara (3930019) Gujarat



JESTAR INSTRUMENT ENGINEERS
+91 9426129718
+91 9428588901
- All Flow Measurement Solution: For Liquid, GAS, AIR, SLURRY Etc.
- Level Measurement Solution: For Clear Liquid and With Vapor & Foams
- PH, ORP and TDS (Conductivity) Measurement Gas Detection System
- All Types of INSTRUMENTATION Suppliers and Instrumentation Designing, Consulting & Installtion Work
Authorised Dealers for: PHOENIX CONTACT, BROIL, BRETEK, BELA INSTRUMENTS, YTC, SENSEWELL
starankleshwar@gmail.com | sie_ank@yahoo.com
B/G-5, Sardar Patel Complex, GIDC, Ankleshwar, Gujarat 393002

# તંત્રીલેખ

## ચિંતાનો વૈશ્વિક વંટોળ

દુનિયાભર માટે આ વિકટ યુગની શરૂઆત છે. માત્ર કોરોનાથી કે અખાતી યુદ્ધોથી કે ઈતર અથડામણોથી એ સમજાઈ નથી. કારણ કે આ પાંચ પગલા આગળ વધી ગયેલા ને અરધે પહોંચેલા ત્રીજા દાયકામાં અનેક પ્રજાઓ સંઘર્ષમાંથી પસાર થઈ છે અને હજુ થવાની છે. એનું કારણ માત્ર રાજનેતાઓ કે રાજકારણ નથી. પરંતુ માણસ સંપીને શાંતિથી રહેતા અને સમાજના બીજા સમુદાયોને સુખ આપવાનું ભૂલી ગયો છે. સ્વકેન્દ્રિતા એટલી બધી વધી ગઈ છે કે જ્ઞાતિ જાતિ પ્રમાણે દરેક સમુદાયને હવે પોતાના વિશેષ અધિકારોની જરૂર પડી છે. આ એક પ્રકારની મૂર્ખતા છે અને એ સમાજને વિઘટન તરફ લઈ જાય છે. છતાં એમ માનવાને કોઈ કારણ નથી કે સમાજમાં ડહાપણ ભરેલા વિદ્વાનો અને મહાપુરુષો નથી. છે, પરંતુ અલ્પ સંખ્યામાં છે. એને કારણે એમનો અવાજ બહુ પાતળો પડી ગયો છે. અને સંખ્યા બળને કારણે મૂર્ખતાનો ધ્વનિ બહુ ઘેઘૂર થઈ ગયો છે. જેના પરિણામો હવેના સમયમાં સમાજે ભોગવવાના આવશે. ઈઝરાયેલ અને હમાસ વચ્ચેની ખાઈ હૃદયની રંકતામાંથી સર્જાયેલી છે.

સમગ્ર મહાભારત જે એક વાક્યમાંથી ઉદભવ્યું છે તે હસ્તિનાપુરના સિંહાસન પર અર્ધયોગ્યતાએ આરૂઢ થયેલા ધૃતરાષ્ટ્રની બુદ્ધિમત્તામાં સર્જાયેલા ભેદ પર આધારિત છે. ધૃતરાષ્ટ્રએ મામકા: અને પાંડવા: એવો જે ભેદ કર્યો એ વિચારધારા જ મહાભારતના યુદ્ધના મૂળમાં છે. પોતાના અને પારકાનો ભેદ માણસજાતને બહુ પીડા આપે છે. દુનિયાના બધા જ દેશોમાં અત્યારે આ રોગગ્રસ્તતા ફેલાઈ ગઈ છે. અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એની પહેલી ટર્મ વખતે જ્યારે અમેરિકા ફર્સ્ટનો શંખનાદ ફૂંક્યો હતો ત્યારે એનો અર્થ માત્ર અમેરિકા માટેનો જ હતો પરંતુ ડોનાલ્ડ ટ્રમ્પની વાણીમાં દુનિયાભરના વિવિધ દેશોના શાસકોની મનોવૃત્તિમાં જે સ્વાર્થપરક પરિવર્તન આવી રહ્યું છે તેનો એ પ્રથમ ઉદઘોષ હતો.

એટલે કે એનો અર્થ સમાંતરે એમ પણ થાય કે જર્મીનીમાં જર્મન ફર્સ્ટ, રશિયામાં રશિયન ફર્સ્ટ અને ઈંગ્લેન્ડમાં ઈંગ્લિશ ફર્સ્ટ... આ રીતે કુંઠિત થતી જતી મનોવૃત્તિ હવે ત્યાં સુધી પહોંચી છે કે કોઈપણ દેશમાં ઈતર નાગરિકો માટેના દરવાજા લોખંડી બની ગયા છે જે અગાઉ પણ કોરોનાને બહાને પણ ઝડપથી બંધ થઈ ગયા હતા. એ જ રીતે પોતાના નાગરિકો જે બીજા દેશમાં છે એને પોતાને ત્યાં અથવા સલામત સ્થળે ખસેડવાની પ્રવૃત્તિ પણ ચાલુ થયેલી છે. ભારત આ પૃથ્વી પર જ આવેલો એક દેશ છે, ભારત બ્રહ્માંડના કોઈ અલગ ગ્રહ પર આવેલો નથી, એટલે આ જ બદલાયેલા વાતાવરણનો પડછાયો ભારતીય શાસકો અને પ્રજા પર પડવો સ્વાભાવિક છે.

શાસકો તો હંમેશા કસોટીમાંથી પસાર થતા હોય છે. જે દિવસે રાજાની સવારી નીકળે તે જ દિવસ પૂરતો જ એનો ઠાઠમાઠ હોય છે. પરંતુ રાજમહેલની અંદરની આધિ, વ્યાધિ અને ઉપાધિઓ તો એની રાજસભા જ જાણતી હોય છે. શાસકો દેખાય છે ચક્રવર્તી પરંતુ દુર્ભાગ્યે એમના ચિત્તની હાલત પણ ચક્રની જેમ ચડતી અને પડતી હોય છે. કેટલોક સમય ઈતિહાસમાં એવો પણ આવેલો છે કે જ્યારે શાસકોની તુલનામાં પ્રજાની કસોટી અધિક હોય. ભારત સરકારે દાખલ કરેલા કેટલાક નવા અધિનિયમોને કારણે ભારતનું જનજીવન ડહોળાઈ જાય એમ ઈચ્છનારો એક વર્ગ છે. પરંતુ એની સામે ભારતીય પ્રજા કેટલુ ડહાપણ દાખવે છે એ પ્રજાની પોતાની કસોટીનો વિષય છે. કેટલાક ઐતિહાસિક નિર્ણયો કોઈ પણ દેશમાં તરત જ સાચા-ખોટાના ત્રાજવે તોલવાનું શક્ય હોતું નથી. ઘણાંબધા નિર્ણયો એવા હોય છે કે જેને બૌદ્ધિક કસોટીઓમાં તોલી શકાય નહીં. પરંતુ સમયની લાંબી પગથારે જ એનું મૂલ્ય આંકી શકાય.

એક તો દુનિયાભરમાં તંગદિલીની શરૂઆત થઈ છે. ૨૧મી સદીના આ ત્રીજા દાયકામાં અમેરિકા અને ઈરાન વચ્ચે સર્જાયેલા મતભેદના હતા. એટલે કે દુનિયાના અનેક દેશો વચ્ચે પરસ્પર યુદ્ધખોર માનસ નવા દાયકાના પ્રારંભથી જ સક્રિય થઈ ગયું હતું. સાથોસાથ દુનિયાના કેટલાક દેશો એવા છે કે જેમાં આંતરિક વિઘટન પણ આકાર લઈ રહ્યું છે. જેમ કે આ નવા દાયકા દરમિયાન જ પાકિસ્તાનથી બલુચિસ્તાન છૂટું પડી જવાનું છે. માલદિવના ટાપુઓની સ્વતંત્રતા લુપ્ત થઈ જવાની છે. રશિયામાં લોકશાહીની ભૂખ એટલી ઊઘડેલી છે કે ત્યાં ગમે ત્યારે ક્રાંતિનો જ્વાળામુખી ફરીવાર ફાટી નીકળવાનો છે. ગ્લાસનોસ્ત અને પેરેસ્ત્રોઈકાએ સંયુક્ત રશિયાના ટુકડા કર્યા પરંતુ તે અપૂરતા સાબિત થયા. કારણ કે રશિયાનો સામ્રાજ્યવાદી આત્મા તો એનો એ જ રહ્યો. યુક્રેન યુદ્ધ એનું જ પરિણામ છે. રશિયન પ્રજા હવે એનો આત્મા બદલાવવા ચાહે છે. એને અમેરિકા જેવી લોકશાહીની વાસંતિક મોસમની તાત્કાલિક જરૂર છે.

# સૌથી ધનિક એ જ સૌથી દેવાદાર

સમાચાર છે કે વિશ્વનું સૌથી મોટું અર્થતંત્ર ધરાવતી આર્થિક અને લશ્કરી મહાસત્તા હાલમાં પોતાને જ ઘરઆંગણે શટડાઉન' તરીકે ઓળખાતી આર્થિક વિટંબણા વેઠી રહી છે. અમેરિકા માટે આ પ્રકારનું શટડાઉન કંઈ બહુ મોટી નવાઈની વાત નથી. તમે ગૂગલ પર સર્ચ કરશો તો જણાશે કે વીતેલા દાયકાઓ દરમિયાન અમેરિકા અનેકવાર આ પ્રકારની પરિસ્થિતિ વેઠી ચૂક્યું છે. શું છે આ શટડાઉન? અમેરિકાના માથે કેટલું દેવું છે અને અમેરિકાના લેણિયાત દેશો કોણ કોણ છે? એન્ટીડેફિસિયન્સી એક્ટ' એટલે એવો ફેડરલ કાયદો જે યુએસ સરકારના ખર્ચ અને નાણાકીય વ્યવસ્થાપનને નિયંત્રિત કરતો હોય. આ કાયદો ખાસ કરીને ફેડરલ એજન્સીઓને બજેટની મર્યાદાઓનું પાલન કરવા અને ગેરકાયદેસર ખર્ચને રોકવા માટે બનાવવામાં આવ્યો છે. ભારતમાં કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ કંઈક અંશે આવું જ કામ કરે છે.જો કે કેગ'ની સરખામણીએ અમેરિકન કાયદો વધુ કડક છે. એન્ટીડેફિસિયન્સી એક્ટ અમેરિકન સરકારની વિવિધ એજન્સીઓના આર્થિક વ્યવહારો ઉપર વોચ ડોગની જેમ નજર રાખે છે, જેથી દેશનું દેવું અનિયંત્રિત રીતે વધી ન જાય. રાષ્ટ્રીય દેવું વકરીને વધારે ઊંચા સ્તરે ન પહોંચે એ માટે ઘણી વાર સરકારી એજન્સીઝના ખર્ચ પર મોટો કાપ મૂકવામાં આવે છે. આ માટે આવશ્યક સિવાયની ઘણી સેવાઓ બંધ કરી દેવાય છે. આમાં ઘણા કર્મચારીઓના પગાર બંધ થઈ જાય છે. આ પરિસ્થિતિ એટલે શટડાઉન.બીજી રીતે કહીએ તો અમેરિકાની સંઘીય શાસન વ્યવસ્થામાં શટડાઉન એક એવી સ્થિતિ છે, જ્યારે કૉંગ્રેસ એટલે કે અમેરિકન પાર્લામેન્ટ નાણાકીય વર્ષ માટે જરૂરી ભંડોળના બિલ પસાર કરવામાં નિષ્ફળ જાય છે. આના કારણે અનેક સરકારી વિભાગો અને કર્મચારીઓને અસર થાય છે.અમેરિકાનું નાણાકીય વર્ષ ૧ ઓક્ટોબરથી ૩૦ સપ્ટેમ્બર સુધી ચાલે છે. જો ૩૦ સપ્ટેમ્બર સુધીમાં ભંડોળના બિલ પસાર ન થાય તો ૧ ઓક્ટોબરથી શટડાઉન લાગુ પડી જાય જે હાલમાં ચાલી રહ્યું છે. અમેરિકાની આર્થિક અને રાજકીય પરિસ્થિતિ જોતા હાલનું શટડાઉન કેટલું લાંબું ખેંચાશે એની કોઈ આગાહી હાલમાં થઈ શકે એમ નથી.હવે વાત કરીએ અમેરિકાના દેવાની. યુનાઈટેડ સ્ટેટ્સ વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થા છે અને તેનું રાષ્ટ્રીય દેવું (નેશનલ ડેટ) પણ વિશ્વના બીજા કોઈ પણ દેશ કરતાં વધુ છે. ટૂંકમાં જે સૌથી ધનિક છે એ જ સૌથી દેવાદાર છે.આવું બને કઈ રીતે? અર્થતંત્રની આંટીઘૂંટીઓ આસાનીથી સમજી શકાય એવી નથી હોતી. ૨૦૨૫માં અમેરિકાનું રાષ્ટ્રીય દેવું ૩૬.૭૨ ટ્રિલિયનના સ્તરે પહોંચ્યું છે. ૧ ટ્રિલિયન એટલે ૧૦૦ અબજ. સવાલ એ છે કે દુનિયામાં એવા તે વળી કયા દાનેશ્વરી દેશો છે, જેમણે દુનિયા આખીના નગરશેઠ જેવા અમેરિકાને લોન આપી હોય? વાત એવી છે કે આ જંગી દેવા પાછળ અમેરિકાનો પોતાનો જ ખેલ જવાબદાર છે.૧૯૭૦ના દાયકામાં યુ.એસ. અને સાઉદી અરેબિયા વચ્ચે એક કરાર થયો. એ મુજબ સાઉદી અરેબિયાએ સંમતિ આપી કે તે ઓઈલના વેચવા માટે ફક્ત યુ.એસ. ડૉલર્સનો જ ઉપયોગ કરશે. બદલામાં અમેરિકા સાઉદી અરેબિયાને સૈન્ય સુરક્ષા આપશે. આ કરાર પેટ્રો ડૉલર સિસ્ટમ' તરીકે ઓળખાય છે. બીજા પેટ્રોલિયમ ઉત્પાદક દેશો પણ આ જ સિસ્ટમ ફોલો કરે છે.હવે ખેલ જુઓ. ભારતે જો પેટ્રોલિયમ ખરીદવું હોય તો પહેલા અમેરિકન ડૉલર્સ ખરીદવા પડે. એ ડૉલર્સ સાઉદી અરબને આપીએ એટલે આપણને પેટ્રોલિયમ મળે. આ પ્રકારની વ્યવસ્થાને પરિણામે એક તરફ વૈશ્વિક બજારમાં અમેરિકન ડૉલર્સની માગ સતત જળવાઈ રહે છે. બીજી તરફ પેટ્રોલિયમ ઉત્પાદક દેશો પાસે મોટા પ્રમાણમાં અમેરિકન ડૉલર્સ જમા થતા રહે છે.આ ડૉલર્સનું કરવું શું? વેરી સિમ્પલ. આ દેશો પોતાની પાસેનો ડૉલર્સનો મોટો દલ્લો ફરી અમેરિકાને જ આપી દે અને સામે અમેરિકન ટ્રેઝરી બોન્ડ્સ મેળવે છે. પેટ્રોલિયમ ઉત્પાદક દેશો માટે આ એક પ્રકારનું ઈન્વેસ્ટમેન્ટ ગણાય. બીજી તરફ અમેરિકાને તો બંને હાથમાં લાડવો મળે. દુનિયા આખીના દેશોને પેટ્રોલિયમની ખરીદી માટે અમેરિકન ડૉલર્સની જરૂર પડે એટલે ડૉલરના ભાવમાં સદા તેજી રહે.બીજી તરફ આ વેચાયેલા ડૉલર્સ પેટ્રોલિયમ ઉત્પાદકો મારફત ફરી પાછા અમેરિકન ઈકોનોમીમાં જ ઠલવાય! અમેરિકા જે વિશ્વની નંબર વન ઈકોનોમી બની શક્યું એમાં પેટ્રો ડૉલર સિસ્ટમનો બહુ મોટો ફાળો છે.જોકે, અર્થતંત્ર કદી સીધુંસાદું નથી હોતું. ડૉલર્સના સતત વધતા ભાવ અને અમેરિકન અર્થતંત્રની સ્થિરતા-તેજી જોઈને પેટ્રોલિયમ ઉત્પાદકો સિવાયના વિશ્વના બીજા દેશો પણ અમેરિકન ટ્રેઝરી બોન્ડ્સ લેવા માંડ્યા. અમેરિકન ટ્રેઝરી બોન્ડ ખરીદવાનો સીધો અર્થ થાય અમેરિકન અર્થતંત્રમાં રોકાણ કરવું. અને કોઈ દેશ જો અમેરિકન અર્થતંત્રમાં રોકાણ કરતો હોય તો અમેરિકાએ ભવિષ્યમાં એને વળતર આપવું જ પડે. બસ, અહીં જ લોચો પડે છે.ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં જુદા જુદા દેશોએ અમેરિકા પાસેથી ૮.૬ ટ્રિલિયન ડૉલર્સના ટ્રેઝરી બોન્ડ્સ લીધા છે. સૌથી વધુ ટ્રેઝરી બોન્ડ્સ જાપાન પાસે છે. તમને લાગતું હશે કે ચીન અને રશિયા જેવા દુશ્મન અમેરિકામાં રોકાણ નહિ જ કરતા હોય, પણ આર્થિક હિતોની વાતમાં દોસ્તી-દુશ્મની ભૂલાઈ જતી હોય છે.અમેરિકી બોન્ડ્સમાં રોકાણ કરનારાઓની યાદીમાં ચીન ૭૫૯ અબજ ડૉલર્સ સાથે બીજા ક્રમે છે. ભારતે પણ રિઝર્વ ફંડ તરીકે ૨૩૨ અબજ ડૉલર્સના બોન્ડ્સ ખરીદી રાખ્યા છે. મોરલ ઓફ ધી સ્ટોરી એ છે કે આજની તારીખે અમેરિકાના કુલ દેવાના ત્રીસેક ટકા જેટલી રકમ તો આ ટ્રેઝરી બોન્ડ્સને કારણે જ છે.એક તરફ અમેરિકાને પોતાને ઘરઆંગણે ઈન્ડસ્ટ્રિયલ પ્રોડક્શન વધારીને ફરી એક વાર મહાન રાષ્ટ્ર તરીકે સ્થાપિત થવું છે. બીજી તરફ વિશ્વમાં યુરોપિયન સહિતના દેશો અમેરિકાની અસરથી મુક્ત હોય એવી પોતીકી આર્થિક નીતિઓ ઘડવા ઈચ્છે છે. ભારત જેનું સભ્ય છે એવા બ્રિક્સ દેશોનો સમૂહ આંતરરાષ્ટ્રીય વેપાર માટે પોતાનું ચલણ લાવવા ઈચ્છે છે. ત્યાં વળી ટ્રમ્પનો ઝોક ક્રિપ્ટોકરન્સી તરફ હોવાનું કહેવાય છે.ટૂંકમાં આવનારો સમય અમેરિકન તેમ જ વૈશ્વિક અર્થતંત્ર માટે નાજુક રહેવાનો છે. રોકેટ ગતિએ વધતા સોનાના ભાવ એનો જ નિર્દેશ આપે છે. શું હાલમાં શટડાઉન થઇ ગયેલું અમેરિકા આવનારા દાયકાઓમાં કડકાબાલુસ થઈને દેવા હેઠળ કચડાઈ જશે?અમેરિકામાં છેલ્લા બે અઠવાડિયાથી શરુ થયેલું શટડાઉન હજુ પણ લાંબુ ચાલે તેવી શક્યતા છે. જેમાં રિપબ્લિકન પાર્ટીના સ્પીકર માઈક જોનસને જણાવ્યું કે આ શટડાઉન લાંબુ ચાલી શકે છે. તેમજ અત્યાર સુધીનું આ સૌથી મોટું શટડાઉન હોઈ શકે છે. જોનસને વધુમાં જણાવ્યું કે જ્યાં સુધી ડેમોક્રેટિક પક્ષના સભ્યો આરોગ્ય સુવિધા અંગેની માંગ પડતી નહી મુકે ત્યાં સુધી સરકારી ભંડોળ ફરી શરુ કરી શકાય તેમ નથી.અમેરિકાના શટડાઉનને ૧૩ દિવસ થયા છે. ત્યારે સ્પીકર જોનસને અમેરિકી સંસદ ભવન પરિસરમાં જણાવ્યું હતું કે, હાલમાં કેટલા કર્મચારીઓની છટણી કરવામાં આવી તે અંગે કોઈ જાણકારી નથી. આ ખુબ સામાન્ય સામૂહિક છટણી છે. જ્યારે બીજી તરફ ઉપ રાષ્ટ્રપતિ જેડી વેન્સે કડક કાપની ચેતવણી આપી છે. જ્યારે કર્મચારી સંઘ કાયદાકીય લડત આપવામાં મૂડમાં છે.

## મહારાષ્ટ્રનું એફડીએ કફ સિરપ બનાવતી કંપનીઓનું આંશિક ઑડિટ કરશે

તાજેતરમાં મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં દૂષિત કફ સિરપને કારણે બાળકોનાં મૃત્યુ થયાં પછી મહરાષ્ટ્રનું એફડીએ રાજ્યમાં ઓછામાં ઓછા ૧૫૦ કફ સિરપ ઉત્પાદકોનું ફક્ત એક અઠવાડિયાનું આંશિક ઓડિટ કરશે.

આ ઓડિટ ૨૦૨૨મા ગામ્બિયામાં ભારતમાં બનેલા કફ સિરપને કારણે થયેલાં બાળકોનાં મૃત્યુ પછી સમગ્ર ઉત્પાદન પ્રક્રિયાના મહિનાભરના વિગતવાર ઓડિટથી ખૂબ જ અલગ છે. આવા મૃત્યુમાં સામાન્ય બાબત ડાય ઈથિલીન ગ્લાયકોલ (ડીઈજી)ની હાજરી હતી, જે ઝેરી ઔષધ કિડનીની નિષ્ફળતાનું કારણ બની શકે છે, ખાસ કરીને બાળકોમાં કફ સિરપમાં ગ્લિસરીન, સોર્બિટોલ અને પ્રોપીલોન ગ્લાયકોલ સહિત નિયંત્રિત માત્રામાં સલામત ગણાતાં દ્રાવકો હોય છે.

ઑલ ઇન્ડિયા ડ્રગ ઍક્શન નેટવર્કના ડૉ. અનંત ફડકેએ સમજાવ્યું હતુ કે, મોટા ભાગનાં સિરપને મીઠાસ આપનાર એક દ્રવ્ય ગ્લિસરીનની જરૂર પડે છે. પરંતુ તબીબી ઉપયોગ અને ઔદ્યોગિક ઉપયોગ વચ્ચે તફાવત હોય છે. ઔદ્યોગિક ગ્રેડનું ઉત્પાદન સસ્તું હોય છે અને તેમાં ડીઈજી અશુદ્ધિ હોય છે. અનૈતિક ઉત્પાદકો ખર્ચ બચાવવા અને વધુ નફો મેળવવા તેને ખરીદે છે. ૨૦૨૨ની ગામ્બિયા દુર્ઘટના પછી કફ સિરપ ઉત્પાદકોનું કોઈ સંપૂર્ણ ઓડિટ થયું નથી. એફડીએ સંયુક્ત કમિશનર (ડ્રગ્સ) ડી. આર. ગહાણેએ જણાવ્યું હતું કે, 'હાલ માટે અમે કફ સિરપ ઉત્પાદન એકમોમાં તમામ સોલ્વસની ખરીદી અને પરીક્ષણ રેકૉર્ડ્સનું વિશ્લેષણ કરવાનું નક્કી કર્યું છે.''

દરમ્યાન એફડીએમાં ૭૭ ટકા પદો ખાલી છે. એફડીએમાં મોટા ભાગના કાર્યબળને કાતો બઢતી આપવામાં આવી છે અથવા નિવૃત્ત કરી દેવામાં આવ્યા છે. જેના કારણે ૨૦૦માંથી ૧૫૪ જગ્યાઓ ખાલી પડી છે. રાજ્યમાં હાલ ફક્ત ૪૫ ડ્રગ ઈન્સ્પેક્ટર છે.

## ફ્રાન્સની 'સોઝિયો' કંપનીએ નવું ક્રિએટિવ સેન્ટર અને અમદાવાદમાં પ્રોડક્શન સાઈટ શરૂ કરી

ફ્રાન્સ સ્થિત જાણીતી ફ્રેગ્રન્સ હાઉસ સોઝિયો એ ભારતમાં પોતાની હાજરી મજબૂત બનાવવા માટે મુંબઈમાં નવું ક્રિએટિવ સેન્ટર અને અમદાવાદમાં નવું પ્રોડક્શન સાઈટ શરૂ કરવાની જાહેરાત કરી છે.

કંપનીએ જણાવ્યું છે કે, "આ પગલું સોઝિયોના આંતરરાષ્ટ્રીય વિસ્તરણમાં મહત્વપૂર્ણ માઈલસ્ટોન છે અને સ્થાનિક બજારોને વધુ અસરકારક, ઝડપી અને ટકાઉ રીતે સર્વિસ આપવાની અમારી પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે. સ્થાનિક સ્તરે કામગીરી શરૂ કરીને અમે લીડ ટાઈમ ઘટાડવા, ગ્રાહકોની નજીક રહેવા અને કાર્બન ફૂટપ્રિન્ટ ઘટાડવા માટે સક્ષમ બની રહ્યા છીએ.''

કંપનીના જનરલ મેનેજર ફ્રેડરિક બ્રોડ મુંબઈ અને અમદાવાદ સ્થિત સોઝિયો ઈન્ડિયાની ટીમ સાથે જોડાયા હતા.

કંપનીએ જાહેર કરેલા નિવેદન મુજબ બ્રોડે જણાવ્યું કે, "વૈશ્વિક વિસ્તરણ કંપનીના વિકાસ માટેનો મુખ્ય સ્તંભ છે. આ વર્ષ દરમિયાન સોઝિયોએ ઈસ્તાંબુલમાં રિસર્ચ સેન્ટર શરૂ કર્યું, દુબઈમાં ત્રણ વર્ષ પછી નવું ક્રિએશન સેન્ટર લોન્ચ કર્યું, અલ્જિઅર ખાતે નવું ફ્રેગ્રન્સ પ્રોડક્શન પ્લાન્ટ ફાઈનલાઈઝ કર્યું, જકાર્તા ફેસિલિટીનું એક્સપાન્શન કર્યું, ગ્વાંગ્ઝૂ (ચીન) ફેક્ટરીમાં ક્ષમતામાં વધારો કર્યો અને મેક્સિકો સિટી તથા જર્મનીમાં રીપ્રેઝન્ટેશન ઓફિસ શરૂ કરી.'' સોઝિયો હાલમાં ૧૧ ક્રિએટિવ સેન્ટર અને ૮ પ્રોડક્શન સાઈટ્સ સાથે કાર્યરત છે, જેની કુલ વાર્ષિક પ્રોડક્શન ક્ષમતા ૧૦,૦૦૦ ટન છે. કુદરતી અને ઓર્ગેનિક ફ્રેગ્રન્સસ કંપનીના વૈશ્વિક વ્યવસાયના લગભગ ૧૦% હિસ્સો ધરાવે છે, જ્યારે ફ્રાન્સના કુલ ટર્નઓવર આશરે ૩૦% ભાગ આ સેગમેન્ટમાં થી આવે છે.

ભારતમાં નવી સુવિધા શરૂ થવાથી સોઝિયો ભારતીય ફ્રેગ્રન્સ અને પર્સનલ કેર ઉદ્યોગ માટે વધુ સ્પર્ધાત્મક અને સ્થાનિક સપ્લાય ચેઈનને મજબૂત બનાવશે, તેમજ સુગંધ ઉદ્યોગમાં નવી ટેકનોલોજી અને સર્જનાત્મકતા માટેનું કેન્દ્ર બની રહેશે.

## પાનોલી ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન દ્વારા આલુંજ ખાતે હેલ્થ કેમ્પનું આયોજન




પાનોલી ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન દ્વારા આલુંજ પ્રાથમિક શાળાના બાળકોમાં હેલ્થ અને હાયજીન વિશે જાગૃતતા લાવવા માટે નિષ્ણાંત ડોક્ટરો દ્વારા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રાથમિક શાળાના આશરે ૧૫૦ વિદ્યાર્થીઓને હાઈજીન કીટનું વિતરણ કરવામાં આવેલ અને પ્રાથમિક આરોગય તપાસ કરીને જરૂરી દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પાનોલી ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનના પ્રમુખ બી.એસ. પટેલે જણાવેલ કે આ સતત પાંચમાં વર્ષે અમોએ પાનોલીની આજુબાજુના ગામોમાં મેડીકલ કેમ્પનું આયોજન કરી રહ્યા છીએ.. આજના કાર્યક્રમમાં વિશેષ રીતે બાળકોએ પોતાની શારીરીક જાગૃતિના કામ માટે પ્રયત્નશીલ રહેવું જાઈએ.આલુજ ગામના સરપંચ અને કમિટી મેમ્બરોએ પ્રાસંગિક પ્રવચન કરતા પાનોલી ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનના આ કાર્યની સરાહના કરી હતી.તેમજ આવતા વર્ષોમાં આ માટે વધુ સહાય કરવા વિનંતી કરી હતી.

## કફ સિરપ મામલે બાળકોના મોતની ઘટનાને વિશ્વ આરોગ્ય સંસ્થાએ ગંભીરતાથી લીધી

કફ સિરપ પીવાથી બાવીસ જેટલાં બાળકોના મૃત્યુ થતા પૂરા દેશમાં અરેરાટી મચી છે. કફ સિરપ માસુમ બાળકો માટે કેટલું સુરક્ષિત છે તેની પણ સતત ચર્ચા કરવામાં આવી છે.

આ દરમિયાન વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા સવાલ કરવામાં આવ્યો છે અને ભારતીય ઓથોરિટીને પુછ્યું છે કે જે કફ સિરપ પીવાથી બાળકોના મૃત્યુના બનાવ બન્યા છે શું તેને બીજા દેશમાં પણ વેચવામાં આવ્યું છે ? ડબલ્યુએચઓ દ્વારા આ સવાલ એવા સમયે કરવામાં આવ્યો છે જ્યારે કફ સિરપ કોલ્ડ્રિફને લઈને ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે. તપાસમાં સામે આવ્યું છે કે સિરપમાં ડાયથિલિન ગ્લાઈકોલ એટલે કે ડીજીની માત્રા વધારે છે. આ ઉપરાંત ઈથીલિન ગ્લાઈકોલ (ES) પણ વધારે હતું. કફ સિરપ મુદ્દે ભારતીય ઓથોરિટી તરફથી જવાબ મળ્યા બાદ વિશ્વ સ્વાસ્થય સંગઠન ગ્લોબલ મેડિકલ પ્રોડક્ટ એલર્ટ જારી કરવાનો નિર્ણય લેશે.

વૈશ્વિક સંસ્થા તરફથી એવા ઉત્પાદનો સામે એલર્ટ જારી કરવામાં આવે છે જેમાં કોઈ ખામી હોય અથવા તો સેવન જોખમી હોય. અત્યારસુધીમાં મળેલી જાણકારી અનુસાર એમપીમાં કફ સિરપના સેવનથી બાવીસ બાળકના મૃત્યુ થયા છે અનેપાંચ બાળકો ગંભીર છે. રાજસ્થાનના પણ અલગ અલગ જિલ્લામાં ત્રણ મૃત્યુ થયા છે.

## સિલોક્સ કંપની દ્વારા ૧૦ હજાર ચો. મી.માં મિયાવાકી ફોરેસ્ટનું નિર્માણ

પાદરા ખાતે આવેલી સિલોક્સ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ (SIPL) દ્વારા તેમના ઝજીઇ કાર્યક્રમ અંતર્ગત વડોદરાના કારેલીબાગ વિસ્તારમાં સ્થિત પોસ્ટલ ટ્રેનિંગ સેન્ટર ખાતે મિયાવાકી ફોરેસ્ટ નું લોકાર્પણ કરાયું હતું. આ પ્રોજેક્ટ દેવ ફાઉન્ડેશન દ્વારા અમલમાં મૂકાયો છે, જ્યારે જમીનનો સહયોગ ઈન્ડિયા પોસ્ટ દ્વારા પૂરો પાડવામાં આવ્યો છે.

લોકાર્પણ સમારંભમાં મુખ્ય અતિથિ તરીકે માર્ગી પટેલ, રિજનલ ઓફિસર -ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) તથા દિનેશ કુમાર શર્મા, પોસ્ટમાસ્ટર જનરલ - વેસ્ટ ઈન્ડિયા ઉપસ્થિત રહ્યા હતા. સિલોક્સ ઈન્ડિયા તરફથી પ્રકાશ રામન (એમ.ડી), અનિરુદ્ધ કુલકર્ણી (એક્ઝિ.વા.પ્રેસિડેન્ટ - મટિરિયલ્સ, એડમિનિસ્ટ્રેશન), રાજીવ મેનન (ચીફ માર્કેટિંગ ઓફિસર), રાજેશ વૈદ્ય (CHRO અને હેડ-સુસ્ટેઈનેબિલિટી) તથા રમાકાંત સાહુ (સિનિયર વા. પ્રેસિડેન્ટ - ઓપરેશન્સ) હાજર રહ્યા હતા. તેમજ દેવ ફાઉન્ડેશનના અધ્યક્ષ નીલેશ પંડ્યા અને મહાવીર ફાઉન્ડેશન ટ્રસ્ટના ટ્રસ્ટી સંજય કોઠારી સહિત અન્ય સમિતિ સભ્યો પણ કાર્યક્રમમાં જોડાયા હતા. આ પર્યાવરણમૈત્રી પહેલ અંતર્ગત આશરે ૧૦,૦૦૦ ચો.મી. વિસ્તારમાં ૪૫ સ્વદેશી જાતિના ૨૧,૦૦૦ છોડો મિયાવાકી પદ્ધતિથી રોપવામાં આવ્યા છે. આ પહેલ વડોદરાની હવાની ગુણવત્તા સુધારવા, શહેરી હરિયાળી વધારવા અને પર્યાવરણ ટકાઉપણાને મજબૂત બનાવવા દિશામાં મહત્વપૂર્ણ યોગદાન આપશે. મહેમાનો દ્વારા સંયુક્ત રીતે મિયાવાકી ફોરેસ્ટનું લોકાર્પણ કરાયું. બાદમાં તમામ મહેમાનો તેમજ આશા દીપ સેન્ટર (સ્ટ્રીટ સાઈડ સ્કૂલ) ના વિદ્યાર્થીઓ સાથે વૃક્ષારોપણ કરાયું હતું.

## રાજ્યની ઉદ્યોગનીતિનો સમયગાળો વધુ પાંચ મહિના લંબાવવો પડ્યો

ગુજરાત સરકારે મહેસાણા ખાતે શરૂ થયેલી ઉત્તરઝોનની બે દિવસીય વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદની પૂર્વ સંધ્યાએ રાજ્યની નવી ઉદ્યોગ નીતિ જાહેર કરવાને બદલે તા. ૬-૮-૨૦૨૫ રોજ મુદત્ત પૂર્ણ કરનારી ૨૦૨૦ની ઉદ્યોગ નીતિને ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી લંબાવી દીધી છે. રાજ્ય સરકાર ૨૦૨૦ની ઉદ્યોગ નીતિમાં ફેરફાર કરીને નવી નીતિ જાહેર કરવાની હતી, પરંતુ વિભાગ સમયસર નવી નીતિ તૈયાર કરવામાં નિષ્ફળ જતાં રાજ્ય સરકારને ઉત્તર ગુજરાત ઝોનની વાઈબન્ટ પરિષદના ઉપલક્ષ્યમાં જૂની નીતિનો સમય પાંચ મહિના લંબાવવાની નોબત આવી છે.

ઉદ્યોગ-ખાણકામ વિભાગે જાહેર કર્યું છે કે, તા. ૭-૮-૨૦૨૫ની અસરથી લંબાયેલી ઉદ્યોગ નીતિમાં ૨૦૨૦ની નીતિમાં અપાયેલા પ્રોત્સાહનો-લાભો યથાવત્ રહેશે. નાણાવિભાગે આ મુદત વધારા અંગે સંમત્તિ આપી છે. ટ્રમ્પ સરકારે યુએસમાં નિકાસ થતી ભારતની ચીજો ઉપર ૫૦ ટકાનો જંગી ટેરિફ લાદતાં રાજયના ટેક્સ્ટાઈલ, હીરા, એન્જિનિયરિંગ ગુડ્ઝ જેવા ઉદ્યોગોની કમર તૂટી ગઈ છે. આ બધા ઉદ્યોગોને ફરી બેઠાં કરવા કેલેન્ડર વર્ષ ૨૦૨૫ના અંત પહેલાં જાહેર થનારી રાજયની નવી ઉદ્યોગ નીતિ ઉપર ઉદ્યોગજગત આતુરતાથી મીટ માંડી રહ્યું છે. રાજયની ઉદ્યોગ નીતિ ૨૦૨૦ હેઠળ ઉદ્યોગ ક્ષેત્રની વિવિધ સ્કીમ પણ જાહેર થઈ હતી, જેમ કે, માઈક્રો-સ્મોલ અને મીડિયમ એન્ટરપ્રાઈસિસ યાને એમએસએમઈ સેકટર માટે પણ ૭ ઓગસ્ટ, ૨૦૨૦ની અસરથી પ્રોત્સાહક સ્કીમ જાહેર થઈ હતી, તેનો સમયગાળો પણ સમગ્ર ઉદ્યોગ નીતિની સાથે ૬ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ પૂર્ણ થયો છે, એટલે આ સ્કીમનો સમય પણ આપોઆપ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી લંબાઈ ગયો છે. આવી જ રીતે વિશાળ ઉદ્યોગો, મેગા ઉદ્યોગો, લોજિસ્ટિક પાર્ક, ઈન્ડસ્ટ્રિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, આર એન્ડ ડી વગેરે માટેના પ્રોત્સાહનોની સ્કીમનો ગાળો પણ લંબાવી દેવાયો છે.

# જી.એન.એફ.સી.એ TDI પ્લાન્ટમાં કામગીરી ફરી શરૂ કરી


ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડ (GNFC) એ ટોલ્યુઈન ડાયઈસોસાયનેટ (TDI)-II પ્લાન્ટ, દહેજ ખાતે, ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ થયેલી ગેસ લીક ની ઘટના બાદ, ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૫થી કામગીરી ફરી શરૂ કરી છે.

કંપનીના નિવેદન મુજબ, પ્લાન્ટને રીસ્ટાર્ટ કરતા પહેલા તમામ આવશ્યક સેફ્ટી ચેક અને રિમીડિયલ ઉપાય પૂર્ણ કરવામાં આવ્યા હતા, જેથી ઉત્પાદન પ્રક્રિયામાં સલામત અને સુચારુ રીતે પરિવર્તન શક્ય બને.

કંપનીએ સ્પષ્ટ કર્યું છે કે ઘટનામાં કોઈ પ્રોપર્ટી ડેમેજ કે નાણાકીય નુકસાન ન થતાં કોઈ ઈન્સ્યોરન્સ ક્લેઈમ ની જરૂર પડી નથી. આ ઘટનાથી કંપનીને થયેલ આર્થિક અસર માત્ર ઉત્પાદનમાં થયેલ તાત્કાલિક વિક્ષેપ સુધી મર્યાદિત રહેવાની સંભાવના છે.

GNFCએ વધુમાં જણાવ્યું કે ગેસ લીકની ઘટના સંપૂર્ણપણે પ્લાન્ટ પરિસરમાં જ સીમિત રહી હતી અને પ્લાન્ટની સીમા બહાર કોઈ ગેસ રિલીઝ નોંધાઈ નહોતી.

આ પુનઃપ્રારંભ સાથે GNFCનું TDI-II યુનિટ ફરીથી પૂરા ઉત્પાદન ક્ષમતા પર કાર્યરત બન્યું છે, જે કંપનીના કેમિકલ ઈન્ટરમીડીયેટ સપ્લાય ચેઈનને સ્થિરતા અને સતત પુરવઠો સુનિશ્ચિત કરશે.




ISO 9001:2015 CERTIFIED
Subhashchandra S. Rathour (Director) 98241 48450
ISO:9001:2015 Certified Company SINCE - 1998
REAL SCIENTIFIC INDUSTRIES
SUPPLIERS & REPAIRERS FOR GLASS PLANTS SYSTEMS & EQUIPMENTS
PLOT NO: 4107, NR. CRYSTAL CHOWKADI, G.I.D.C. ANKLESHWAR-393 002, DIST: BHARUCH
OFFICE PH. :02646-222761, MOB: 9824148450-9824423450 - 9904476131
E-mail : sales@realglassware.com & realglassware@gmail.com

FAIR TRADERS
CHASING EXCELLENCE, DELIVERING VALUE
G-8, Ground Floor, Asian Trade Centre, Asian Paint Chowkdi, GIDC, Ankleshwar- 393 002, Gujarat (India)
fairtraders_ank@yahoo.co.in
Mob: +91 90335 77707
Mob: +91 98241 11510
Authorised Dealer: SPITMAAN® Champion Jointing Pvt. Ltd. Sealflex™ Jointing Sheet
• Asbestos & Non Asbestos Gasket & Sheet • Spiral Wound Gasket • Teflon Products
• All Type of Packing • Expanded PTFE Products • PVC Gasket

# બર્લિંગ્ટન સ્ટેટ યુનિવર્સિટીએ અંકલેશ્વરના ઉદ્યોગકાર બળદેવભાઈ પ્રજાપતિને ડોક્ટરેટનીપદવી આપી




બર્લિંગ્ટન સ્ટેટ યુનિવર્સિટી, યુનિવર્સિટી ઓફ ક્યુનીઓ ઇટાલી, મેરીલેન્ડ સ્ટેટ યુનિવર્સિટી અને ચાનીયા ઇન્ટરનેશનલ યુનિવર્સિટી ઓફ ગ્રીસ આમ ચાર યુનિવર્સિટીનો ડોક્ટરેટ પદવીદાન રાખવામાં આવ્યો હતો તેમાં ભારતભરના કુલ ૩૦ જેટલા વ્યક્તિત્વ વિશેષ તેમજ અલગ અલગ ક્ષેત્રમાં ઉમદા કામગીરી કરનાર વ્યક્તિઓનો પદવીદાન સમારોહ દિલ્હી ખાતે યોજાયો હતો જેમાં ગુજરાતના ૨૭ વર્ષથી સંઘ ચાલક અને ૨૦૧૯-૨૩ સુધી લઘુ ઉદ્યોગ ભારતીના રાષ્ટ્રીય અધ્યક્ષ તેમજ હાલ ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્રના પ્રભારીની જવાબદારી વહન કરતા બળદેવ પ્રજાપતિને ડૉક્ટર ઓફ ફિલોસોફી ફાર્મા ઈન્ડસ્ટ્રી અને સામાજિક કાર્યના ક્ષેત્રે ડોક્ટરેટની પદવી પ્રદાન કરવામાં આવી છે. આ સન્માન માત્ર એક વ્યક્તિનો સન્માન નથી. આ તો એ વ્યક્તિત્વનું સન્માન છે જેમણે સમગ્ર જીવન સમાજસેવા, ઉદ્યોગસેવા અને રાષ્ટ્રીય વિચારના પ્રચાર માટે સમર્પિત કર્યું છે.

અંકલેશ્વર અને ભરૂચની ધરતીએ હંમેશાં એવા રત્નો આપ્યા છે જેઓએ પોતાના કર્મ, સમર્પણ અને જનસેવા દ્વારા સમાજને નવી દિશા આપી છે આજે આખા અંકલેશ્વર માટે ગૌરવ અને આનંદની ક્ષણ છે. ઉદ્યોગકારોના હિત માટે સતત લડતા, લઘુ ઉદ્યોગ ભરતી દ્વારા ઉદ્યોગો માટે જરૂરી નીતિઓમાં સુધાર લાવવાના પ્રયાસો કરનાર અને રાષ્ટ્રભક્તિની ભાવનાથી જનહિતને અગ્રસ્થાને રાખનાર બળદેવ પ્રજાપતિએ પોતાના કાર્યથી એક અનોખો માપદંડ સ્થાપ્યો છે તેમનો આ આંતરરાષ્ટ્રીય સ્તરનો સન્માન અંકલેશ્વર અને ભરૂચના દરેક ઉદ્યોગકાર લઘુ ઉદ્યોગ ભારતીના સભ્યો અને સમગ્ર ગુજરાત માટે ગૌરવની વાત છે. તેમની સાદગી, સેવાભાવ અને દ્રઢતા આપણા સૌ માટે પ્રેરણાદાયી છે.

# જેનેરિક દવાઓ ઉપર અમેરિકા નવો ટેરિફ નહીં નાખે : રાહત

અમેરિકાના પ્રમુખ ટ્રમ્પના વહીવટીતંત્રે જેનેરિક દવાઓ પર આયાત શુલ્ક (ટેરિફ) લાદવાની યોજનાને અસ્થાયી રૂપે અટકાવી દીધી છે. આ નિર્ણયથી ભારતીય ફાર્માસ્યુટિકલ કંપનીઓને નોંધપાત્ર રાહત મળશે.

ટ્રમ્પ પ્રસાશનના યુ ટર્ન સમાન નિર્ણય લીધો છે કારણ કે અમેરિકામાં વપરાતી લગભગ ૫૦ ટકા જેનેરિક દવાઓ ભારતમાંથી આયાત કરવામાં આવે છે. આ પગલાથી માત્ર ભારતીય કંપનીઓને જ નહીં પરંતુ લાખો અમેરિકન નાગરિકોને પણ રાહત મળશે જેઓ હાઈ બ્લડ પ્રેશર, ડિપ્રેશન, અલ્સર અને કોલેસ્ટ્રોલ જેવી બીમારીઓની સારવાર માટે સસ્તી ભારતીય જેનેરિક દવાઓ પર આધાર રાખે છે.

ગ્લોબલ મેડિકલ ડેટા એનાલિટિક્સ કંપની આઈક્યૂવીઆઈએ ના અહેવાલ મુજબ અમેરિકી ફાર્મસીઓમાં વેચાતી જેનેરિક દવાઓમાંથી ૪૭ ટકા ભારતમાંથી આવે છે. સ્થાનિક ઉત્પાદકો ૩૦ ટકા હિસ્સો ધરાવે છે જ્યારે બાકીની દવાઓ અન્ય દેશોમાંથી આયાત કરવામાં આવે છે જેમાં ભારતનો સૌથી મોટો હિસ્સો છે. એપ્રિલ ૨૦૨૩ માં યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સે દવાઓ પર ટેરિફ તપાસ શરૂ કરી હતી જેમાં જેનેરિક અને નોન-જેનેરિક દવાઓ તેમજ દવા ઉત્પાદનમાં વપરાતા કાચા માલ (ડ્રગ ઘટકો) નો સમાવેશ કર્યો હતો. ટ્રમ્પની ડોમેસ્ટિક પોલિસી કાઉન્સિલના કેટલાક સભ્યોએ દલીલ કરી હતી કે જેનેરિક દવાઓ પર ટેરિફ લાદવાથી અમેરિકામાં દવાના ભાવ વધશે અને દવાની અછત સર્જાશે.

# એનવિઝન એનર્જી દ્વારા ગુજરાતમાં વિન્ડ ટર્બાઈન બ્લેડ મેન્યુફેક્ચરિંગ ફેક્ટરી સ્થાપશે

ચીન સ્થિત અગ્રણી નવીનીકૃત ઉર્જા સોલ્યુશન્સ પ્રોવાઈડર એનવિઝન એનર્જીએ અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકાના કલ્યાણગઢ ખાતે ૨ યઉ ક્ષમતા ધરાવતા બ્લેડ મેન્યુફેક્ચરિંગ ફેસિલિટીના ભૂમિપૂજન સમારોહનું આયોજન કર્યું હતું.

આ નવી સુવિધા ભારતમાં એનવિઝનની ત્રીજી મેન્યુફેક્ચરિંગ સાઈટ છે અને કંપનીના રૂપિયા ૫૦૦ કરોડના વિસ્તરણ કાર્યક્રમનો ભાગ છે. જેના માધ્યમે ભારતના બજારમાં પોતાની હાજરી મજબૂત કરવાનો અને સ્થાનિક મેન્યુફેક્ચરિંગ ક્ષમતાઓને વિસ્તૃત કરવાનો હેતુ છે.

કંપનીએ જણાવ્યું હતું કે કે આ નવી ફેક્ટરી કેન્દ્ર સરકારના નવનિકૃત ઉર્જા મંત્રાલય (MNRE)ની "મેક ઇન ઇન્ડિયા" પહેલ સાથે સંપૂર્ણ રીતે સુસંગત છે, જેનો ઉદ્દેશ્ય રિન્યુએબલ એનર્જી ઘટકોના સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહિત કરવાનો અને આયાત પરની નિર્ભરતા ઘટાડવાનો છે.

ગુજરાત સ્થિત આ પ્લાન્ટમાં છ મોલ્ડના માધ્યમે દર વર્ષે આશરે ૧,૫૦૦ બ્લેડનું ઉત્પાદન કરવામાં આવશે. આ ફેસિલિટી 3.3 MW તેમજ 5 MW વિન્ડ ટર્બાઈન પ્લેટફોર્મ માટેના બ્લેડના ઉત્પાદન માટે સક્ષમ રહેશે.

કુલ મળીને, આ પ્રોજેક્ટ ગુજરાતના પાંચ જિલ્લાઓમાં ૧૦થી વધુ સાઇટ્સ પર 4 GWથી વધુ વિન્ડ એનર્જી પ્રોજેક્ટ્સને સપોર્ટ કરશે. ઉપરાંત, આ પ્રોજેક્ટ સ્થાનિક સપ્લાય ચેઇન અને સહાયક ઉદ્યોગો (ancillary industries) સાથે સંકલિત થવાનો છે.

એનવિઝન એનર્જી ઈન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર આર. પી. વી. પ્રસાદે જણાવ્યું હતું કે, "ગુજરાતમાં આ નવી ફેક્ટરી માત્ર ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ નથી — આ ભારતના સ્વચ્છ ઉર્જા ભવિષ્યમાં રોકાણ છે. આ પગલું પ્રધાનમંત્રીના આત્મનિર્ભર ભારત વિઝનને ટેકો આપતું છે, જે અંતર્ગત સ્થાનિક મેન્યુફેક્ચરિંગ મજબૂત બનાવવું, રોજગાર તકો સર્જવી અને પ્રદેશના ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહિત કરવું છે."

આ નવી ઉત્પાદન સુવિધા ગુજરાતને પવન ઉર્જા સાધન ઉત્પાદન ક્ષેત્રમાં અગ્રણી હબ તરીકે વિકસાવવા માટે મહત્વપૂર્ણ યોગદાન આપશે.

# દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે પર પુનગામ પાસે એન્ટ્રી-એક્ઝિટને મંજૂરીથી લોકોમાં ખુશીની લાગણી

નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઇન્ડિયા (NHIA ) એ અંકલેશ્વર આસપાસના લોકોને રાહત આપી છે. દિલ્હી મુંબઈ એક્સપ્રેસ વેના ભરૂચ પેકેજ-૪માં આવતા ૧૩ કિમીના ભાગમાં પુનગામ ગામ પાસે એન્ટ્રી-એક્ઝીટ ને પરવાનગી આપવામાં આવતા ભરૂચ-અંકલેશ્વરમાં ટ્રાફિક માંથી રાહત મળશે. જવારે સુરત જતાં - આવતા વાહન ચાલકોને પણ રાહત મળશે.

આ એક્સપ્રેસ વે અંકલેશ્વરના લોકો માટે પણ ખુલ્લો મુકાય તેવી લોકોની જોરશોરથી માંગ હતી. આમ તો વડોદરા બાજુથી ભરૂચ આવીને પછી ભરૂચ શહેરમાંથી પસાર થવું પડતું હતું. જેને લઈને ટ્રાફિક સમસ્યાનો સામનો કરવો પડતો હતો. જેથી લોકોનું મન ખાટું થઇ જતું હતું. પરંતુ હવે તેઓ સીધા અંકલેશ્વર નજીક આવેલ પુનગામ ખાતે ઉતરીને અંકલેશ્વર આવી શકશે. તેમાં જેમને ઓલપાડ કે સુરત જવું હશે તેમને માટે પણ આસાન થઈ જશે.

બે દિવસ પહેલા જ NHIA સર્વે કરવા આવી હતી. તેમનો અભિપ્રાય ખૂબ જ હકારાત્મક રહ્યો. ટોલનાકાની સુવિધા કઈ રીતે કરાવી તે માટેનો પણ સર્વે થયો. કેવા સાધનોને મંજૂરી આપવી તે ચર્ચાનો વિષય છે. આવી ચર્ચા છે કે નાના વાહનોને મંજૂરી અપાશે.

PERFECT SCALE SINCE - 1988
Govt. Approved
PERFECT SCALE
SALES & SERVICE
AN ISO 9001 : 2015 CERTIFIED COMPANY
One Stop Solution for All Types of Electronic Balances & Weighing Automation
12, Bhavesh Shopping Centre, Behind Hotel Royal Palace, Near Railway Station, GIDC, Ankleshwar - 393 002.
Ph. : 02646 253759 • M. : 98241 12531 • Email : sales@perfectscale.in, perfect.scale@yahoo.com • Web : www.perfectscale.in










SOUTH INDIA ROADWAYS ANK.
TRANSPORT CONTRACTOR & COMMISSION AGENT
KAUSHIK PACKERS & MOVERS
Add: R-15, Bhavana Farm, Rajpipla Road, Ankleshwar- 393 002
E-mail: kaushik.vapi@gmail.com, Web: www.kaushikpackersandmovers.in
Customer Care: 02646 312288
98244 21113 93779 61211
98245 02113 93740 26633
SERVICE
TRANSPORTATION, PACKING, UNPACKING, LOADING, UNLOADING, INSURANCE, LOCAL SHIFTING, OFFICE SHIFTING, CAR CARRIER & ESCORT FACILITY ALL OVER INDIA
DOOR TO DOOR SERVICE
Specialist for: 20,32,40,feet Container Auto Carriers & ODC Suppliers for all over India

YATHARTH REFRACTORY LINING WORKS
ALL TYPE OF REFRACTORY WORK & ACID PROOF BRICK/ TILE LINING CONTRACTOR AND SUPPLIER
Supplier: Refractory Fire Bricks/ Blocks/ Tiles, Castable, Mortar, Acid Proof Mortar & Ceramic Blanket Module
Service Provider: Refractory Work, Acid Proof Brick/Tiles Lining Work, Castable work, Insulation Brick Lining, Mastic Work, Boiler Refractory Work
Address: Shop No: 22, Dharmnandan Building, Rajpipla Road, Near Santinagar 2, Ankleshwar-393001, Dist: Bharuch (Gujarat).
THERMAX (Vender)
Mr. Sunil Chauhan +91 89057 88945 +91 99259 77497
yatharthrlw@gmail.com | www.yatharthrlw.com

માલિક : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ દ્વારા મુદ્રિત, પ્રકાશિત તેમજ સંપાદિત તથા ઈંકપોટ પબ્લિકેશન્સ પ્રાઈવેટ લીમીટેડ, ૫૩૦-૫૩૩, નરસિંહ એસ્ટેટ, લુબી જેલ એલ.એલ.પી. ની સામે , બસ સ્ટેન્ડની નજીક, ગામઃ મંજુસર, તાલુકોઃ સાવલી, જિલ્લોઃ વડોદરા, ગુજરાત -૩૯૧૭૭૫ ખાતે મુદ્રિત કરી ઓમકાર-૨ કોમ્પ્લેક્સ, ટી.એફ.-૬૬, ત્રીજો માળ, લોર્ડ્સ પ્લાઝા હોટેલ નજીક, સ્ટેશન રોડ, જી.આઈ.ડી.સી.,અંકલેશ્વર, જિલ્લો : ભરૂચ , રાજ્ય :ગુજરાત -૩૯૩૦૦૨ ખાતેથી પ્રકાશિત કર્યું.
તંત્રીઃ જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ / EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL
PRINTED, PUBLISHED, OWNED & EDITED BY JITENDRAKUMAR BABALBHAI PATEL AND PRINTED AT INKPOT PUBLICATIONS PRIVATE LIMITED, 530-533, NARSINH ESTATE, OPP. LUBI GEL LLP, NEAR BUS STAND,VILLAGE: MANJUSAR, TALUKA: SAVLI, DIST: VADODARA, GUJARAT-391775 AND PUBLISHED AT OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR, DIST: BHARUCH, STATE: GUJARAT-393002